# ૨૦૨૧–૨૦૨૨

**હુકમ નં.૧**

**અરજદારની  આઈ.ડી.નં.૪૮૦, તા.૩૦/૦૧/૨૦૨૧  ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં**.SMC/BRIDGE CELL/FAP/IN.No.05/2021.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૯/૦૩/૨૦૨૧ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૨/૨૦૨૧ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૪૮૦, તા.૩૦/૦૧/૨૦૨૧ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૨/૨૦૨૧ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા અરજીમાં શાહ પબ્લીસીટી પ્રા.લિ. અથવા તો તેમની પેટા કંપનીને આપેલ કામો બાબતેની વિવિધ મુદ્દાઓની માહિતીની માંગણી કરવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર (બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી યુ.કે.નાયક તથા શ્રી જે.એન.પટેલ ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીમાં શાહ પબ્લીસીટી પ્રા.લિ. અથવા તો તેમની પેટા કંપનીને આપેલ કામો બાબતેની વિવિધ મુદ્દાઓની માહિતી અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માંગવામાં આવેલ માહિતી "નીલ" છે. જે અંગેનો પુર્તતા કરતો પત્ર અત્રેના વિભાગનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ./૫૯, તા.૧૧/૦૨/૨૦૨૧ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હતા.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની પુર્તતાથી સંતુષ્ટ ન હોય તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી આપવામાં આવેલ નથી. તથા આપવામાં આવેલ જવાબો એકબીજાથી વિરોધાભાસ હોવાનું જણાવી "  આપવામાં આવેલ પુર્તતા જવાબથી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે  અરજદારશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પોતાના પક્ષ તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર  અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ જાહેર માહિતી અધિકારી ધ્વારા પોતાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા અરજદારને માહિતીની પુર્તતા કરવામાં આવેલ હતી. વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**૬. રીમાકર્સ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી સંદર્ભે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપવામાં આવેલ છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૪૮૦, તા.૩૦/૦૧/૨૦૨૧ ની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદાર હાજર રહેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને યોગ્ય માહિતી પુરી પાડી પુરતી સમજ આપવામાં આવેલ છે. આમ, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in